ગાંધીનગર ખાતે એનએસયુઆઈ દ્વારા આરટીઈ માટે રજૂઆત

શિક્ષણના કથળતા જતા સ્તરને સુધારવા તાકીદે પગલા લેવા એનએસયુઆઈ-યુથ કોંગ્રેસની માંગ : શિક્ષણનું ખાનગીકરણ અટકાવવા, શિક્ષકની પૂર્ણ પગારથી ભરતી કરવા તથા શાળાઓમાં પાયાની સુવિધાઓ પુરી પાડવા આવેદનપત્ર અપાયું

ગાંધીનગર, તા.૨૨

કોંગ્રેસ પક્ષના વિદ્યાર્થી સંગઠન એનએસયુઆઈ અને યુથ કોંગ્રેસ દ્વારા રાજયમાં શિક્ષણના કથળતા જતા સ્તરને ધ્યાનમાં લઈ જિલ્લા શિક્ષણાધિકારીને આવેદનપત્ર સુપ્રત કરાયું છે. આવેદનપત્રમાં રાજયમાં શિક્ષકોનો અભાવ, શિક્ષણનું ખાનગીકરણ અને પાઠયપુસ્તકોના ભાવમાં અસહ્ય વધારા સાથે પાયાની સુવિધાઓનો અભાવ વગેરેના કારણે ધો-૧૦ અને ૧૨નું પરિણામ ચાલુ વર્ષે ૮ થી ૧૦ ટકા જેટલું નીચું આવ્યું હોવાનું જણાવતા તાત્કાલિક પગલાં લેવા માંગ કરવામાં આવી છે.

રાજયમાં શિક્ષણ અધિકારના કાયદાનો સંપૂર્ણપણે અમલ કરવા, પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષણનું સ્તર સુધારવા, કાયમી શિક્ષકોની નિમણુંક કરવા એનએસયુઆઈ અને યુથ કોંગ્રેસે માંગ કરી છે. ચાલુ વર્ષે ધો-૧૦ની બોર્ડની પરીક્ષાના પરિણામમાં ૧૦.૬૭ લાખ વિદ્યાર્થીમાંથી ૪.૭૭ લાખ વિદ્યાર્થીઓ અને ધો-૧૨ની બોર્ડની પરીક્ષામાં સામાન્ય પ્રવાહમાં ૫.૪૭ લાખ માંથી ૨.૪૫ લાખ વિદ્યાર્થીઓ નાપાસ થયા છે. ધો-૧૦માં વિજ્ઞાનમાં ૨.૭૪ લાખ, ગણિતમાં ૪.૫૨ લાખ, ગુજરાતીમાં ૨.૨૬ લાખ અને અંગ્રેજીમાં ૩.૫૮ લાખ વિદ્યાર્થીઓ નાપાસ થવા પામ્યાં છે. બોર્ડની પરીક્ષાઓના પરિણામોની ગંભીર અસરો આદિવાસી વિસ્તારોમાં સૌથી વધુ પ્રમાણમાં દેખાઈ રહી છે. મોટા પાયે શિક્ષકોની ખાલી જગ્યા, અપૂરતી સુવિધાઓ, શિક્ષકો પાસેથી શિક્ષણ સિવાયની કામગીરી-રાજય સરકારની શિક્ષણ પ્રત્યેની નિષ્ઠાનો અભાવને કારણે ગુજરાત શિક્ષણ ક્ષેત્રે પાછળ ધકેલાઈ રહ્યું હોવાનું એન એસ યુઆઈ અને યુથ કોંગ્રેસનું માનવું છે.

રાજયમાં શિક્ષણના સ્તરને સુધારવા એનએસયુઆઈ-યુથ કોંગ્રેસે આરટીઈના કાયદાનો પૂર્ણ અમલ કરવા, શાળાઓમાં શિક્ષકોની ફિકસ પગારના બદલે પૂર્ણ પગારથી ભરતી કરવા, બિન શૈક્ષણિક સ્ટાફની તાકીદે ભરતી કરવા, પાઠયપુસ્તકોની કિંમતમાં સામાન્ય-મધ્યમવર્ગના વિદ્યાર્થી-વાલીઓને રાહત આપવા, એસ.સી., એસ.ટી., ઓબીસીના વિદ્યાર્થીઓને પાઠયપુસ્તકો નિયમ મુજબ મફત આપવા, શાળામાં લાયબ્રેરી, પીવાના પાણી, શૌચાલય જેવી પાયાની સુવિધા ઉભી કરવા માંગ કરાઈ છે. ખાનગી શાળાની બેફામ ફી સામે અંકુશ લાદવા, ખૂટતા વર્ગખંડોનું બાંધકામ કરવા, શિષ્યવૃત્તિ નિયત સમયમાં મળે તેવી વ્યવસ્થા ગોઠવવા, શિષ્યવૃત્તિ સહાય બમણી કરવા પણ આવેદનપત્રમાં માંગ કરવામાં આવી છે.

ગાંધીનગર જિલ્લા પંચાયતના બે કર્મયોગીઓ ડૉ. જયેશ શાહ (કડજોદરા) અને શ્રી ઝીલુજી (ડ્રાયવર બાંધકામ શાખા)ના અકાળ અવસાનથી પંચાયતમાં ઘેરા શોકની લાગણી પ્રસરી જવા પામી છે. આજે આ બંને કર્મયોગીઓને પંચાયતના પટાંગણમાં બે મિનિટનું મૌન પાળી શ્રધ્ધાંજલિ અર્પવામાં આવી હતી. જિલ્લા વિકાસ અધિકારી શ્રી ભીમજીયાણીના અધ્યક્ષસ્થાને આ શ્રધ્ધાંજલિ સભા મળી હતી તે પ્રસંગની તસવીર.

અજાણ્યા યુવાનના સ્ત્રી દાક્ષિણ્ય અને રીક્ષાવાળાની પ્રમાણિકતાને સલામ..!!!

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર રાજ્યનું રાજકિય પાટનગર હોવાથી અહીં રાજકારણને લગતી પ્રવૃત્તિઓનું વધુ મહત્વ હોય તે સ્વાભાવિક છે. જો કે આ નગર હવે સાંસ્કૃતિક અને સંસ્કારીનગરી તરીકેની ઓળખ પણ પ્રસ્થાપિત કરતુ જાય છે. તાજેતરમાં બનેલી એક ઘટના આ બાબતની ગવાહી પુરે છે.

સેક્ટર-૧૯માં રહેતા મીનળબેન ઓઝા તા. ૯મી જૂન મંગળવારે ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા આયોજિત કાવ્ય સંમેલન-૫માં ઉપસ્થિત રહેવા સે. ૧૭ની સ્ટાફ ટ્રેનીંગ કોલેજમાં આવ્યા હતા. આશરે ૯.૩૦ થી ૧૦ વાગ્યાની વચ્ચેના સુમારે કાવ્ય સંમેલન અધુરૂ છોડી તેઓ ચ-પના બસ સ્ટેન્ડે રીક્ષા કે બસની રાહ જોતા ઉભા હતા. તેમને બસ સ્ટેન્ડે આમતેમ આંટા મારતા જોઈ રહેલા એક યુવાને પાસે આવી વિનયપૂર્વક 'આન્ટી, તમારે ક્યાં જવું છે ?' તેવું પુછ્યું. તેમણે જવાબ આપ્યો કે સે. ૧૯માં. યુવાને કહ્યું જો તમે મારા બાઈક પર બેસી શકો તો હું તમને મુકી જાઉં નહીતર તમારે માટે ઘ-૫ થી રીક્ષા લાવી દઉ. મીનળબેને રીક્ષાનો વિકલ્પ પસંદ કરતા યુવાન થોડીક જ વારમાં રીક્ષા લઈ આવ્યો હતો. તેણે રીક્ષાવાળાને આન્ટીને જ્યાં કહે ત્યાં બરાબર પહોંચાડજોની સૂચના આપી. યુવાનના સેવાભાવથી રાજી થયેલા મીનળબેન રીક્ષામાં બેસી ઘરે પહોંચ્યા ત્યારે તેમણે ભાડાના રૂ. ૪૦ આપવા પર્સ કાઢ્યું ત્યારે રીક્ષાવાળો બોલ્યો કે પેલા ભાઈએ પૈસા ચુકવી દીધા છે માટે તમારે આપવાના નથી.

અજાણ્યા યુવાન અને રીક્ષાવાળાની નિસ્વાસ્થ સેવાથી પ્રભાવિત થઈ અચંબામાં ડુબેલા મીનળબેન તેમનો આભાર માનવાનું પણ પળભર ભુલી ગયા હતા. આમતો તેમને પેલા યુવાન પાસેથી આ સેવાની કોઈ જરૂર કે અપેક્ષા નહોતી પરંતુ સ્ત્રી દાક્ષિણ્ય મુજબ એક મહિલાને મુશ્કેલી ના પડે તે માટે તેણે કરેલી સેવા અને પૈસા બાબતે રીક્ષાવાળાની પ્રમાણિકતાને તેવો મનોમન સલામ પાઠવી રહ્યાં છે. બંનેમાંથી એકેયના નામ પણ તેઓ જાણતા ન હોવાથી 'ગાંધીનગર સમાચાર'ના માધ્યમથી ધન્યવાદ પ્રગટ કરી રહ્યાં છે.

વાવોલમાં નવનિયુકત મેયર અને સ્ટેન્ડીંગ ચેરમેનનો સન્માન સમારોહ યોજાયો

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર મહાનગર પાલિકાના પ્રથમ મહિલા મેયર શ્રીમતી હંસાબેન મોદી અને સ્ટેન્ડીંગ કમીટીના ચેરમેન રાકેશભાઈ પટેલ સંનિષ્ઠ રાજકીય કારકીર્દી મેયર અને પ્રજાવિકાસ લક્ષી તેમના અભિગમને બિરદાવવા વાવોલ સમસ્ત ગ્રામજનો દ્વારા મહાનુભાવોને બિરદાવવાનો સન્માન સમારોહ યોજવામાં આવ્યો હતો.

વાવોલ ગામના સહિયર કેળવી મંડળ દ્વારા આયોજીત આ સન્માન સમારંભમાં રાજયના પૂર્વ મંત્રી ગોરધનભાઈ ઝડફીયાના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. તેમણે સાંસ્કૃતિક વિચાર ધારા અને સ્પષ્ટ જાહેર જીવન દ્વારા ઉજ્જવળ કારકિર્દી ધરાવનારા આ બંને મહાનુભાવોને શુભેચ્છાઓ પાઠવી હતી. આ પ્રસંગે રાજયના પૂર્વ સહકાર મંત્રી વાડીભાઈ પટેલ વાવોલ ગામની પરંપરા અને જાગૃત જનજીવનની નોંધ લઈ પ્રજાવતી રાજય વહીવટી ક્ષેત્રે અગ્રેસર રહીને મેયર શ્રીમતી હંસાબેન મોદી અને સ્ટેન્ડીંગ કમીટીના ચેરમેન રાકેશભાઈ પટેલ વાવોલ ગામના વતની તરીકે ગામનુ નામ રોશન કર્યું છે. તેમણે બંને મહાનુભાવોને ઉજ્જવળ ભવિષ્યની શુભેચ્છા પાઠવી હતી. વાવોલની દેવ ઈન્ટરનેશનલ સ્કુલ ખાતે યોજાયેલા સન્માન સમારોહમાં સહિયર કેળવણી મંડળના મેનેજીંગ ટ્રસ્ટી એમ.આર. પટેલ અને નિયામક નવીનભાઈ ઉપાધ્યાયે સહુ મહાનુભાવોનું ભાવભર્યું સ્વાગત કર્યું હતું.

આ પ્રસંગે ધારાસભ્ય અશોકભાઈ પટેલ, ચેરમેન જિલ્લા સહકારી સંઘ કોદરભાઈ પટેલ, પૂર્વ મધુર ડેરી ચેરમેન હિતેન્દ્રભાઈ પટેલ, પૂર્વ ચેરમેન સ્ટેન્ડીંગ કમીટી તાલુકા પંચાયત ગાંધીનગર વિક્રમસિંહજી ગોલ, ગાંધીનગર તાલુકા ભાજપ પ્રમુખ શૈલેષભાઈ પટેલ વાવોલ ગ્રામ પંચાયતના સરપંચ કમલેશસિંહ ગોલ, ગાંધીનગર તાલુકા પંચાયત વિપક્ષના નેતા કુબેરસિંહ ગોલ, તાલુકા પંચાયતના પૂર્વ સદસ્ય અમરસિંહ ગોલ, સરદાર પટેલ સેવા સમાજ ગાંધીનગર પ્રમુખ અશોકભાઈ શ્રોફ સેકટર-૨૨ વેપારી મહામંડળના પ્રમુખ કાળીદાસ પટેલ અને ગોવિંદભાઈ પરમાર, પત્રકાર વિનોદ રાઠોડ વગેરેએ ઉપસ્થિત રહી શુભેચ્છા પાઠવી પ્રાસંગિક પ્રવચનો કર્યા હતાં.

કોમ્પ્યુટર હાર્ડવેર એસોસિએશને યોગ દિવસ ઉજવ્યો

ગાંધીનગર કોમ્પ્યુટર હાર્ડવેર એસોસિએશન દ્વારા રામકથા મેદાન ખાતે યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. સારે ૭.૩૦ કલાકે પ્રમુખ ઉરેન પટેલ અને એસોસિએશનના સભ્યો દ્વારા પરીવાર સાથે યોગાસનો કરવામાં આવ્યા હતા. ત્યાર બાદ ક્રિકેટ મેચ યોજવામાં આવી હતી.

ડભોડામાં સુરક્ષા સેતુ પ્રોજેકટ અંતર્ગત સ્વરક્ષણની તાલીમ

ગાંધીનગર, તા.૨૨

હાલમાં ગાંધીનગર તાલુકાના ડભોડા ખાતે ગતિશીલ ગુજરાત અને સુરક્ષા સેતુ પ્રોજેકટ અંતર્ગત સ્વરક્ષણની તાલીમ આપવામાં આવી રહી છે. આ તાલીમમાં વિદ્યાર્થીનીઓને ૧૫ દિવસની અંદર સઘન અભ્યાસના માધ્યમથી આર્યોદય ચેરીટેબલ ટ્રસ્ટના સહયોગથી શ્રી એમ.એચ. વિદ્યામંદિર, કન્યા શાળાની આશરે ૫૦૦ જેટલી વિદ્યાર્થીનીઓને સ્વરક્ષણની કળામાં ઉપયોગમાં આવતા વિવિધ કૌશલ્યો જેવા કે પંચ, બ્લોક, કીક, ગ્રીપીંગ ટેકનીકની સાથે સાથે માનસિક અને બૌદ્ધિક રીતે પણ તૈયાર કરવામાં આવી રહ્યા છે. વિદ્યાર્થીનીઓમાં આ તાલીમને લઈને અનેરો ઉત્સાહ અને આત્મવિશ્વાસ જોવા મળી રહ્યો છે. માર્શલ આર્ટની કળામાં નિષ્ણાંત એવા સ્નેહલ એ. પ્રજાપતિ અને પાર્થ જી. શિંદે દ્વારા સ્વરક્ષણની તાલીમનું સઘન પ્રશિક્ષણ અપાઈ રહ્યું છે. બંને શાળાના આચાર્ય અને વ્યાયામ શિક્ષકોનો પુરતો સહયોગ સમગ્ર તાલીમ દરમિયાન મળી રહ્યો છે. તાલીમ દરમિયાન આર્યોદય ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ, જુડોમાં એન.આઈ.એસ. અને કરાટેમાં બ્લેક બેલ્ટની પદવી ધરાવતા કિલ્લોલ એસ. સાપરિયા દ્વારા વિશેષ માર્ગદર્શન આપવામાં આવી રહ્યું છે.

ફતેપુરા પાસેથી એક્ટીવાની ડેકીમાંથી વિદેશી દારૂ ઝડપાયો

ગાંધીનગર, તા. ૨૨

શહેરના સે. ૧૫ ફતેપુરા ખાતે એક્ટીવાની ડેકીમાં વિદેશી દારૂની હેરફેર કરતા ઈસમોની બાતમી પોલીસને મળતા પોલીસે પાંચ નંગ વિદેશી દારૂની બોટલ સાથે એક બુટલેગરને ઝડપી લીધો જ્યારે એક ઈસમ નાશી છુટ્યો હતો. પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

ગાંધીનગર શહેરના સેક્ટર-૧૫ના ફતેપુરા ખાતે ટ્વીચકી એક્ટીવા વાહનની ડેકીમાં વિદેશી દારૂની કેટલાક ઈસમો હેરાફેરી કરતા હતા જે અંગે પોલીસને જાણ થતા સેક્ટર-૭ પોલીસે માર્ગ પર સઘન ચેકીંગ કરતા શંકાના આધારે એક્ટીવા નં. જીજે-૧૮-સીજી-૦૦૩ ની તપાસ હાથ ધરી હતી. જેમાં તેની ડેકીમાંથી પાંચ નંગ વિદેશી દારૂની બોટલ કિં. રૂ. ૨૦૦૦ અને એક્ટીવા જપ્ત કર્યુ. પોલીસે આરોપી રાજેન્દ્ર સેવાલ (રહે. સે. ૨૬ ગ્રીનસીટી, ગાંધીનગર)ની ધરપકડ કરી હતી જ્યારે અન્ય આરોપી ઈમરાન સમા (રહે. સે. ૨૭ ગાયત્રીનગર ગાંધીનગર) સ્થળ પરથી નાશી છુટ્યો હતો. આ મામલે સેકટર-૭ પોલીસે બન્ને વિરૂદ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે. જેની તપાસ પી.એસ.આઈ. એમ. પી. ચૌહાણ ચલાવી રહ્યા છે.

ધોળાકુવાનો યુવાન ગુમ થતા પોલીસ ફરિયાદ

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર નજીકના ધોળાકુવા ગામનો ૩૫ વર્ષીય અપંગ યુવાન ૨૦ દિવસ અગાઉ ઘરે કહ્યા વગર ચાલ્યો જતા પરિવારજનોએ ઈન્ફોસીટી પોલીસ મથકમાં ગુમ થયાની ફરિયાદ નોંધાવી હતી જેથી પોલીસે ગુમ યુવાનની શોધખોળ હાથ ધરી છે.

શહેર નજીક ધોળાકુવા ગામે રાજેશ રમણભાઈ પટણી ઉ.વ.૩૫, પોતાના પરીવાર સાથે રહેતો હતો. જે ગત ૧ જૂનના રોજ બપોરે ૧૨ વાગે ઘરે કહ્યા વગર ચાલ્યો ગયો હતો. યુવાન શરીરે ખોડખાપણ ધરાવે છે. જેણે મરૂન રંગનો શર્ટ અને કાળા રંગનું પેન્ટ પહેરેલ છે આ અંગે પરિવારજનોએ ઈન્ફોસીટી પોલીસમાં ફરયાદ આપતા પોલીસે ગુનો નોંધી ગુમ યુવકની શોધખોળ હાથ ધરી છે.

અર્બન બેંકની સાધારણ સભા યોજાઈ

ધી ગાંધીનગર અર્બન કો.ઓ. બેંક લી.ની વાર્ષિક સાધારણ સભા બેંકના ચેરમેન ડાહ્યાભાઈ ટી. પટેલની અધ્યક્ષતામાં યોજાઈ હતી. સભામાં બેંકના વાર્ષિક હિસાબોને મજુંરી આપવામાં આવી હતી તેમજ બેંક દ્વારા વર્ષ ૨૦૧૪-૧૫ દરમિયાન સભાસદોને ૧૦ ટકા ડિવિડન્ડ આપવાની વાત કરી હતી. સભામાં બેંકની વિવિધ માહિતી આપવામાં આવી હતી.

પેથાપુરમાં મફત રોગ નિદાન કેમ્પ યોજાયો

પેથાપુરમાં મફત રોગ નિદાન કેમ્પ યોજવામાં આવ્યો હતો. સાંનિધ્ય મલ્ટીસ્પેશ્યાલિટી હોસ્પિટલ દ્વારા યોજવામાં આવેલ નિદાન કેમ્પમાં ગાયનેક, યુરોલોજી, બાળરોગ અને ઓર્થોપેડીકને લગતા દર્દોની તપાસ કરવામાં આવી હતી. જેમાં ૧૭૫ થી વધુ દર્દીઓએ કેમ્પનો લાભ લીધો હતો.

સે-૫ પ્રેરણા વિદ્યાલયમાં ભવ્ય પ્રવેશોત્સવ ઉજવાયો

ગાંધીનગર, તા.૨૨

ધોરણ-૧ના વિદ્યાર્થીઓના પ્રવેશોત્સવની ઉજવણી કરવામાં આવી તેમાં ૫૦ જેટલા વિદ્યાર્થીઓને શાળામાં પ્રવેશ આપવામાં આવ્યા.

શાળાના આચાર્ય તથા શિક્ષક ગણ દ્વારા ધોરણ-૧ના વિદ્યાર્થીઓને કંકુ તિલક કરી શાળામાં પ્રવેશ આપવામાં આવ્યો અને વિદ્યાર્થીઓનું મોં મીઠું કરવામાં આવ્યું હતું દરેક વિદ્યાર્થીને શાળા તરફથી પુસ્તક ભેટ આપવામાં આવ્યું હતું. શાળા પ્રવેશોત્સવ નિમિત્તે આચાર્ય દ્વારા વિદ્યાર્થીની પોતાના જીવનમાં ઉત્તરો ઉત્તર પ્રગતિ થાય તથા શિક્ષણમાં વધુમાં વધુ સફળતા મેળવે તે માટે શુભેચ્છા પાઠવવામાં આવી. શાળા પરિવાર દ્વારા બાળકોને ઉમળકાભેર આવકારવામાં આવ્યા હતા.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૫.૫૭
સૂર્યાસ્ત : ૭.૨૯

તાપમાન

મહત્તમ : ૩૬.૦ ડિ.સે.
લઘુત્તમ : ૨૭.૦ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૭૪ ટકા ● સાંજે ૫૫ ટકા

મનોરંજન

સિટીપલ્સ

સ્ક્રીન-૧ :
એબીસીડી - ૨ : ૬.૪૫, ૧૦.૦૦

સ્ક્રીન-૨ :
એબીસીડી - ૨ : ૧૨.૩૦, ૩.૩૦
જુરાસિક વર્લ્ડ (હિન્દી) : ૭.૦૦, ૯.૩૦

સ્ક્રીન-૩ :
જુરાસિક વર્લ્ડ (હિન્દી) ૩ડી : ૫.૦૦
એબીસીડી - ૨ : ૧૧.૦૦, ૨.૦૦, ૭.૧૫, ૧૦.૧૫

સ્ક્રીન-૪ :
જો બકા : ૧૦.૦૦
તનુ વેડ મનુ ૨ : ૧૨.૪૫
હમારી અધુરી કહાની : ૩.૩૦, ૧૦.૦૦
દિલ ધડકને દો : ૬.૩૦

સ્ક્રીન-૫ :
એબીસીડી - ૨ : ૧૦.૦૦
જુરાસિક વર્લ્ડ (હિન્દી) ૨ડી : ૧૨.૪૫, ૩.૧૫
જુરાસિક વર્લ્ડ (અંગ્રેજી) ૨ડી : ૫.૩૦, ૭.૪૫

આપની આજ

મેષ : આર્થિક સંપન્નતા વધશે. દૃઢ નિશ્ચયની પ્રવૃત્તિને કારણે કાર્યામાં વિજય પ્રાપ્ત થઈ શકે છે. કાર્યની પ્રત્યે ઉતાવળ અને બેદરકારી ન કરો.

વૃષભ : આર્થિક ઉન્નતિ થશે. મુશ્કેલીઓ દૂર થશે. કુટુંબમાં કોઈ સભ્યની ઉન્નતિથી સામાજિક સમ્માન વધશે. રહેઠાણ સંબંધી સમસ્યા રહી શકે છે.

મિથુન : યોગ્ય દિશામાં પ્રયત્ન કરવાથી અટકેલા નાણાં પાછા મળશે. અધિકારી તમારા કાર્યથી પ્રસન્ન થશે. બુદ્ધિના ઉપયોગથી કાર્યમાં વૃદ્ધિ થશે. કાયદાકીય બાબતોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે.

કર્ક : કોઈ નામી વ્યક્તિથી મુલાકાત થશે. ઉપહાર મળી શકે છે. વ્યાપાર-વ્યવસાયમાં ઉન્નતિ થશે. સ્વપ્નાઓ સાકાર થઈ શકશે. આળથી બચીને સક્રિય થઈ જવું તમારા માટે લાભકારક રહેશે.

સિંહ : જ્ઞાનવૃદ્ધિ માટે સ્વાધ્યાયમાં રુચિ વધશે. ખાન-પાનની ગડબડીથી આરોગ્ય ખરાબ થઈ શકે છે. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. વ્યપારમાં અનાયાસ ખલેલ પહોંચી શકે છે.

કન્યા : વ્યાપારની બાબતમાં યોગ્ય નિર્ણય ન લેવાથી હાનિ થઈ શકે છે.વિરોધીઓની તરફ ધ્યાન ન આપીને સ્વયં કાર્ય કરો. વિષમ પરિસ્થિતિમાં પણ ધૈર્ય બનાવી રાખવું પડશે.

તુલા : દરેક ક્ષેત્રમાં સમ્માન મળશે. વેપાર ક્ષેત્રમાં નવી યોજનાઓથી લાભ. દિનચર્યા ખૂબ વ્યસ્ત અને વ્યવસ્થિત રહી શકશે. નોકરીમાં સ્થિતિ સુધરશે.

વૃશ્ચિક : સગા-સંબંધીઓથી મુલાકાત થશે. લાભનો માર્ગ ખુલ્લો થશે. આર્થિક ચિંતા જરાકમાં જ ઉકેલાઈ શકે છે. વ્યવસાયમાં વૃદ્ધિનો યોગ છે. નિર્ણય લેવામાં વિલંબ ન કરો.

ધન : ઈચ્છિત કાર્ય પૂર્ણ થઈ શકશે. આરોગ્ય સારું રહી શકશે. વિલાસિતાની વસ્તુઓ ખરીદવાનો યોગ બનશે. કાર્ય કરવાની સ્થિતિમાં સુધાર અને ગુણાત્મકતા આવશે.

મકર : પિતાથી વ્યવસાયિક મતભેદ થવાની આશંકા છે. કાર્યક્ષેત્રનો વિસ્તાર થશે. આરોગ્ય સારું રહેશે. મકાન સંબંધી સમસ્યાનો સમાધાન થવાનો યોગ છે. ભૌતિક સુખ- સમૃદ્ધિ વધશે.

કુંભ : ભૂમિ-સંપત્તિના સોદામાં લાભ થવાની સંભાવના છે. કૌટુંબિક જીવનમાં સુખ-સમૃદ્ધિ રહેશે. આરોગ્યમાં અનુકૂળતા તમને ચિંતાઓથી મુક્ત કરશે.

મીન : અથાગ પ્રયત્નોનો ઓછો લાભ મળશે. નકામો તનાવ, મુશ્કેલી રહેવાની સંભાવના છે. શિક્ષણ સંબંધી કાર્યોમાં ગહન શોધ થશે.

ચિરવિદાય

- સ્વ. દક્ષાબેન અનિલકુમાર પટેલ (ઉ.વ.૪૭) પ્લોટ નં. ૯૦૦/૨, સેકટર-૮, ગાંધીનગર
- સ્વ. મૌનિલ જયેશભાઈ શર્મા (ઉ.વ.૨૫) ઘર નં. ૩૦, શાલીન-૩, વાવોલ, તા.જી. ગાંધીનગર
- સ્વ. બાબુજી રમણજી ઠાકોર (ઉ.વ.૨૦) ગામ - રૂપાલ, તા.જી. ગાંધીનગર